R.N.B. 794.

# બાગે

કિ. ૧૦ મી.



...લાયબ્રેરી ૧૦૩

...રબીનઆસે બીણી

...હું તમો કતલ

માહેરબિઉલ આખર સન ૧૩૩૫.

બાગેનજાત ફૈઝ દેહે કાએનાત હય=તશ્ના લબોંકે વાસ્તે આબે હયાત હય*
અજરોજઝાકે ગુન્ચેં ખીલેહેં ગુલે સવાબ=ગુલઝારેં આખેરતહે યેહ બાગેનજાતહે*

નેક નામ શેઠજી સાહેબ

...ગ. બા.

શેઠ હાજી જાફરભાઇ હાજી હસીરભાઇ

ઠે૦ મોટી બજાર ...

ZANZIBA...

પંજતનેપાક અને અયમ્હે મુસ્સલામના મદદ અને આસ વસીલાથી બનાવી મેળવી કરનાર

...મેહરબાની રહમત રબ્બેજલીલ, હાજી ગુલામઅલી હાજી ઈસ્માઇલ.

...તી ગંજેનજાત, મ. ગોજાત. ઓતીરૂહેઇમાન. કુરઆન ટીકતીતકલીરવીના કર્તા ભાવનગર.

કીમત ન. રૂ૧ બા. રૂ૧ા અગાઉથી

...આનંદ પ્રેસ— ભાવનગર.

## ૧૮ મનકબત, પાંચ આ[illegible]

❧જરા ટુંક સાંકળીયું તા[illegible]

૧ લઝ્ઝત ઝ્યાંકો સીફતે પંજેતનમેં હય✻...
૨ મદદે હયદરસે નહોગા મેરાસીના ખાલી✻...
૩ હએ કયા ફીક્ર અએ દીલ અગર મુશકિલ હએ✻...
૪ કરૂં કયું ન દીલસે બયાને અલી✻... ... ...
૫ અય મોઅમેનો જહાંનકે સરદાર હંય અલી✻... ...૧૫
૬ દુન્યાકી સોઉબતસે મેરા નાકમેં દમ હય✻......૫૬
૭ નામ આપકા ઝ્યાંપે મેરી સુબહો શામ હએ✻......૫૯
૮ મદાહ ઉસકા અબ યેહ દીલે દાગદાર હએ✻......૬૪
૯ અએ કલમ લીખ નાઅતે ખતમુલ મુરસલીન✻......૬૫
૧૦ બરાએ દાવરે દાદાર યાઅલી મદદી✻......૬૭
૧૧ અએ ખાસએ દાવર સલ્લે અલા✻.........૭૦
૧૨ શહે દોજહાં આજ પૈદા હુવા✻.........૭૪
૧૩ યાનબી સલામા અલયકુમ=યારસુલ સલામો અલયકુમ✻૭૬
૧૪ હો મુબારક સરવરે ગુલપેહરન પૈદા હુવા✻......૭૮
૧૫ હુઆ આજ પએદા ઈમામે અનામ✻... ......૮૦
૧૬ મુશકિલ કુશા અલી હય, હાજત રવા અલી હય✻...૮૨
૧૭ઈલાહીકર કરમ તેરા સબર અબ ઉઠ ગયા મેરા✻......૮૫
૧૮ હરેક ઝર્રા ચમક રહા હએ✻... ... ......૮૬

# માડા ગાસેકરના ફરાક

ના ભાવ ગગડીને રૂ. ૧૦૦ ના ફરાંક ૨૧૫ છે, અને હજુ ફરાંક ૨૨૫ થશે, માટે ઠીક લાગે તો સોનાની, પતરી રજીસ્ટરથી મોકલવી, અથવા હુંડી બીડવી.

## [illegible]કરોડો તાવીજોનું ખાસ એકજ તાવીજ,

## [illegible]વે ૧ લા નંબરમાં ઘણો સારો વધારો થયો છે.

### [illegible]ય તાવીજ ખાસ હરણના ચામડાઉપર હાથે લખેલું

તમામ બીમારીઓથી બચવા, જાદુ દુર થવા, જીન પરીથી બચવા, [illegible]રા અને પ્લેગથી અમાનમાં રહેવા. હમલને ખલલ ન પહોંચવા [illegible]પવા, બચ્ચાઓને થતી બામારીઓ, તેઓનું ભરાઇ જવું, સસણી [illegible] થવા, અને માન ઇજ્જતમાં વધારો થવા માટે આ તાવીજ બહુજ [illegible]દી અસર અને ફાયદો કરનાર છે, જેટલી તઅરીફ લખીએ થોડીછે.


આ તાવીજ છાપેલું નથી બલકે ખાસ સઇયદ મોઅમીન [illegible]આહ ઇસ્નાઅશરી દીનદાર અને પરહેઝગારના હાથે લખાએલું છે.

[illegible]. તાવીજની કીંમત પોસ્ટેજ રજીષ્ટર સુધાં નંબર ૧ ના રૂ. ૫ [illegible]બર ૨ ના રૂ. ૨ા પહેલે બન્ને તાવીજમાં દોઆ, ઇસમ, નકશ [illegible] એકજ જાતના હતા, પણ હાલમાં ચામડા અને લખાણની સફાઇ [illegible]મસુરતી ઉપરાંત પહેલા નંબરમાં કેટલીક ભારે ભારે દોઆઓ વધા[illegible] ડોઢું મોટું કરેલ છે, જમણે હાથે ગથવા ગળામાં મીણ વીંમાં [illegible]કરીને અથવા તાવીજમાં રાખીને બાંધવું, ખાસ કામ વખતે [illegible]જાજરૂમાં જતી વખતે પાસે હોય તો હરકત નથી.

## [illegible]કીટમાં રાખેલું નાનું કુરઆને શરીફ રૂ.ર.



[illegible] ઈંચથી ઓછું નાનું છે.



વચમાં દુરબીન છે તેમાંથી ઝીણા હરફ ઘણા મોટા દેખાય છે. અને તાવીજ તરીકે પણ બંધાયછે.

ઉમરબીનઆસે બીબી
...માં તમો કતલ

# બાગે નજાત

બિસમિલ્લાહિર રહમાનિર રહીમ, અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન, વસલ્લલ્લાહો અલા મોહમ્મદિન વ આલેહિ ત્તાહેરીન.

કીતાબ ૧૦મી.)તા૦ ૧૫મી માહે રબીઉલઆખર સન ૧૩૩૫હી૦ ( હિસ્સો ૬-ઠો.

# તારીખે અઅસમે કુફી.

## કર્તા-સુન્નત જમાતના તવારીખનવેશ ખ્વાજામોહમ્મદસાહેબઅઅસમેકૂફી.

## પ્રકરણ૫૭માંનો પન્નુરણ અધુરો અહવાલ

[ ગયા ૫-માં અંકના પેજ ૯૬ થી સાંધણ. ]

૫છી ફરમાવ્યું કે હઝરતે રસુલે ખુદા સ૦ એ તમામ ચીજોથી વાકેફ છે, એક વખત જીબરઇલે પોતાની જમણી પાંખ ઉપર બેસારીને દુન્યા અને તેની અંદરની તમામ ચીજોની સૈર કરાવી છે, એટલુંજ નહીં પણ આખી દુન્યાના ખઝાનાની ચાવીયો આપને સોંપી છે, ઉપરાંત કયામત સુધીની બલકે ભુત અને ભવી-ષ્યનાં તમામ બાબતોથી માહીતગાર કરેલ છે.

ઓ બસરાવાળાઓ વળી કહું છું કે આ બસરા તથા તેની આજુબાજુ વાળા પાણીમાં ગરક થનાર છે, અને એવી મ્હા ભારે અઝીમ બલા આવનારછે,

*અથી આવશે તે પણ હું જાણું છું, જે શખસ એ બલા ...નું અહીંયાથી નીકળી જશે તે ખુદાની રહમતને લાયક હોવાથી ...કળી શકશે, અને જેઓ પાણીમાં ડુબી મરશે તેઓ પોતાના ગુનાહોના કારણે ડુબી મરશે, **વલ્લાહો બેઝલ્લામિલ લિલઅબીદ** એટલે ખુદા પોતાના બંદાઓ ઉપર ઝુલમ કરતો નથી.

શેખ મુફીદ અલય હિરરહમાએ અબ્દુલ્લાહ અસદીથી રીવાયત કરી છે કે બસરામાં જંગે જમલ ખતમ થયા પછી અમ્મારે યાસીર બીબી આએશાની પાસે ગયા, કે તે વખતે તેઓ ઇબ્ને અબી ખલફને ઘરે હતા, અમ્મારે કહ્યું કેમ ઓ માદર ! તમે જોયું ? કે દીનદારો દીન માટે કેવી તલવાર ચલાવે છે? બીબી આએશાએ કહ્યું કે તમારી ફતેહ થવાથી તમોને અવું કહેવાનું સુઝે છે માટે મરજીમાં આવે તે કહે, અમ્મારે જવાબ આપ્યો કે ફતેહ થવાથીજ સુઝતું નથી, બલકે ખુદાની કસમ અગર બનવા કાળ તમારૂં લશકર અમોને હરાવીને યમનના બગીચાઓ સૂધી અથવા બહરેન સુધી ભગાડી આપત તો પણ મારા યકીનમાં ફરક પડત નહીં, કેમકે અમો હારીયે કે જીતીયે તેના ઉપર અમારૂં ઇમાન નથી, અમારૂં ઇમાન અને યકીન એજ છે કે અમો હ૦અલી અ૦ની તરફદારીમાં હક ઉપર છીએ અને તમો તેમની દુશ્મની કરીને બાતલ રસ્તે ચડયા છો.

બીબી આએશાએ કહ્યું કે તેમાં તારી ખતા નથી, તમોને એમજ સમજાવવામાં આવેલ છે, ઓ અમ્માર હવે ત્હારી ઉમર ઘણીંજ મ્હોટી થઇ છે, જીંદગી ફના થઇ ગઇ, હાડકા ઘસાઇ પીસાઇને ઝીણાં થઇ ગયા, છે, માટે ખુદાથી ડર, અને અલીઇબ્ને અબી તાલેબની મોહબ્બતમાં દીન ઇમાનને તબાહ કર નહીં.

આ સાંભળીને અમ્મારે જવાબ આપ્યો કે અરે તમો વીચાર્યા વીના અવું તે શું કહો છો ? ખુદાની કસમ મેં ઘણીંજ બારીકીથી તપાસ કરી અને બહુજ ઊંડી નજરે જોયું, પણ નબી સાહેબના અસહાબોમાંથી હઝરત અલીઅ૦ શીવાય કોઈ સંપુર્ણ ફઝીલત ધરાવનાર નજરે પડયું નહીં; હ૦અલીઅ૦ સર્વેથી વધારે કુરઆને શરીફને પડનાર અને તેની તાવીલ સમજનાર છે, અને સર્વેથી વધારે કુરઆનની હુરમત રાખનાર છે, એ શીવાય હઝરતે રસુલે મકબુલ સ૦ના સર્વેથી વધારે નજીકના સગા છે, સર્વેથી વધારે વાજીબ અને સુન્નત અદા કરનાર છે, તેમજ તેમના ઉપર સર્વેથી વધારે ગમ અને મુસીબતો છે, આ સાંભળીને બીબી

લાયબ્રેરી

આએશાએ કાંઇ જવાબ આપ્યો નહીં, લખે છે કે એક વખત ઉમરબીનઆસે બીબી આએશાને કહ્યું કે અમારી ભારે ઉમ્મેદ હતી કે જમલની લડાઇમાં તમો કતલ થયા હોતતો અમો બહુજ રાજી થાત ! બીબી આએશાએ ગુસ્સામાં આવીને કહ્યું શામાટે એવી ઉમ્મેદ રાખતો હતો ? તેણે જવાબ આપ્યો કે તમો કતલ થાતતો બેહીશ્તમાં જાત, અને અમારે હઝરત અલીને મ્હેણા મારવા અને ઠપકો આપવાની મજાહ પડત, કે અરરર નબી સાહેબની બીબી મોઅમેનોની 'મા'ને કતલ કરાવી નાખ્યા.

કેટલાંક ટુંકી સમજવાળા તેમજ હ૦ અલી અ૦ સાથે અદાવત રાખવા વાળા આપ ઉપર એ બોહતાન મુકે છે કે આપે મુસલમાનોની સામે નાહક લડાઇ કરી, પણ તેઓ ઇન્સાફની નજરે જોતા નથી, તેમ આપના મરતબા તરફ ખ્યાલ કરતા નથી કે આપ માઅસુમ હતા, આપ ઇમામ હતા, આપ નુરે ખુદા હતા, એ શીવાય નબી સાહેબે આપના ફઝાએલ એટલા બયાન ફરમાવ્યા છે કે સુન્નત જમાતને ત્યાં દફતરના દફતર ભરેલા છે, અને શીઆહને ત્યાં તો ફઝાએલની ખાણો લબરેઝ છે, એટલુંજ નહીં પણ આપના દરેક કામની તાઅરીફ ફરમાવી છે, બલકે દરેક કામની બાબત, તેમજ આપની સાથે નેકી અને બદી કરનાર વીશે પણ ફરમાવી આપેલ છે, જેમકે જનાબે મોહકકેટ્ટુસી નસીરૂદ્દીન સાહેબ અલયહિર્રહમાએ તજરીદુલ એઅતેકાદમાં લખ્યું છે કે "મોહારેબુહુ કફેરહ, વમોખાલેફહુ ફેસકહ" એટલે અલીની સાથે જંગ કરનાર કાફર છે, અને આપથી વિરૂદ્ધ વરતનાર ફાસિક છે, અને મજલીસી અલયહિર રહમાએ બેહારૂલ અનવારમાં ફરમાવ્યું છે કે આ જગ્યોએ વીરૂદ્ધતાથી મતલબ એ છે કે આપે મદદ માટે બોલાવ્યા છતા જેઓ ગયા નહીં તેઓ સખત અઝાબને પાત્ર નબી સાહેબના ફરમાન મુજબ થયા, જેમકે આપે ફરમાવેલું કે "વખ્ઝુલમન્ખઝલહ" એટલે હે ખુદા જે અલીની મદદ નકરે તેને ઝલીલ કર.

અને હદીસમાં છે કે હ૦ રસુલે ખુદાસ૦ ફરમાવ્યું કે યાઅલી હર્બોક હર્બી, વ સિલ્મોક સિલ્મી" એટલે યા અલી તમારી સાથે લડે તો જાણે મારી સાથે લડયો, અને તમારી સાથે સુલેહ કરી તો જાણે મારી સાથેજ સુલેહ કરી.

સુન્નત જમાતની કીતાબો જેમકે સોનને ઇબ્ને માજાહ, મસનદ, ફઝાએલે અહમદે હમ્બલ, ફીર્દોસલુલ અખબાર, શેરવીયાહ વીગેરેને આધારે જનાબે મજલીસીએ બેહારૂલ અનવારમાં લખ્યું છે કે હ૦ રસુલે ખુદા સ૦મે હ૦ અલી

અ૦ જ૦ ફાતેમા અ૦ જ૦ ઇમામે હસન અ૦ જ૦ ઇમામે હુસેન અ૦ તરફ નજર કરીને ફરમાવ્યું કે " અનાહારેબુન લેમન હારબકુમ, વસિલ્મુન લેમન સાલમકુમ, એટલે તમારી સાથે જંગ કરે તેની સાથે હું જંગ કરૂં, તમારી સાથે સુલેહ કરે તેની સાથે હું સુલેહ કરૂં.

એ શીવાય જે વખતે હ૦ અલી અ૦ સાથે બસરાવાળા તેમજ શામવાળાએ જ્યારે જ્યારે લડાઇ કરી ત્યારે એઝમાનો હતો કે સુન્ની તથા શીઆહના તમામ ફિરકાના અકીદા મુજબ સર્વાનુમતે હ૦અલી અ૦ ખલીફા અને ઈમામ હતા, અને ઝમાનાના ઇમામ માટે નબી સાહેબની હદીસ મશહુર છે, તેમાં મતભેદ નથી કે " મન્માત વલમ યઅરિફ ઇમામ ઝમાનેનેહી માત મૈતતન જાહેલિય્યહ " એટલે ઝમાનાના ઇમામને ઓળખ્યા વીના મરી ગયો તે જાહેલીયત મોતે મર્યો.

તો એ લોકોએ હઝરતને ઓળખ્યા નહતા એમ નથી, પણ ઓળખીને બેઅત કરીને ઈમામ સ્વીકારીને સામે લડયા, એટલે ઇમામની સામે તલવાર ઉપાડીને દુશમનો તથા મુશરિકોની જેમ સામે થઇને લડયા, તો તેમાં હ૦ અલી અ૦નો લેશ માત્ર દોશ નથી.

એટલુંજ નહીં પણ હ૦ અલી અ૦ તેઓ સાથે લડાઈ કરી નથી, બલકે એ લોકોએ બલવો અને બંડ ઉઠાવીને માણસો ભેગા કરીને લશકર બનાવીને હ૦ અલી અ૦ની સામે લડવા તૈયાર થયા, ત્યારે આપે તેમને પહેલેતો પૈગામ મોકલ્યા કે બંડ ઉઠાવે નહીં, અને જ્યારે કોઇ રીતે માન્યા નહીં ત્યારે આપ તેઓના ઝુલ્મને અટકાવા માટે ગયા, અને જતાંજ લડાઇ નહી કરતા સુલેહ માટે ઘણાં સંદેશા ચલાવ્યા, ઘણા જણને વચમાં નાખ્યા, છેવટે પોતે હથયાર વીના ખાલી હાથે પેહરાણભર મૈદાનમાં જઇ દુશમનોના સરદારોને બોલાવીને સમજુતી આપી, છતાં પણ માન્યા નહીં ત્યારે આપ નાઉમ્મેદ થઇ પાછા આવીને કાંઇ પણ ઉશકેરણી શીવાય શાંત બેઠા, તેટલામાં દુશમનોએ તીર ચલાવ્યા, અસ્હાબોએ પોકાર કર્યો કે અમે જખમી થયા, તોપણ આપે કાંઇ જવાબ આપ્યો નહીં, વળી બીજું ટોળું ફર્યાદ કરતું આવ્યું કે યા હઝરત આપ દફે કરવા માટે કાંઈ પણ ફરમાવતા નથી અને દુશમનોતો તીરનો વરસાદ વરસાવે છે, અમો જખમી થઇએ છીએ.

અટલી હદ સુધી મામલો પહોંચ્યો અને સામાવાળાઓએ ઝુલમ કરવો શુરૂ કર્યો ત્યારે આપે લાચારીએ દફે કરવા લડાઇ કરી છતાં આપ ઉપર બોહતાન મુકનાર કેટલી દીલેરી અને ચોર કોટવાળને દંડે એવું કરે છે ?

હ૦ અલી અ૦ ઉપર એવા ખોટા તોહમત મુકવાને બદલે ઇનસાફી શખસ ગેર મઝહબનો હોય તે જુવે તોપણ આપની તાઅરીફ અને વખાણ કરે કેમકે આપની સહન શીલતા આપનો સબર હદથી વધારે હતો, અને આપની રહમની તો વાતજ શી? અલ્લાહો અકબર આપની રહેમ વીશે લખે છે કે જમલની લડાઇ પછી દુશમનોની ઓરતો બચ્ચાઓને કેદ કર્યા નહીં, લોંડી ગુલામ બનાવ્યા નહીં, તેમનો માલ પણ લુટવા આપ્યો નહીં, તે તો ઠીક પણ બસરામાં ઢંઢેરો કરાવ્યો કે જેની કાંઇ પણ ચીજ અમારા માણસ પાસે જોવામાં આવે તે ઉપાડી જાય, તેથી લોકો આવી આવીને શોધતા અને કાંઇ પોતાની ચીજ ઓળખતા તે લઇ જતા, એટલે સુધી કે પોતાની તપેલી કોઇ પાસે જોતા કે તેમાં ખાણું પકાવે છે તો તરત તે ખાણું કઢાવી નાખીને ઉપાડી જતા હતા, એટલી પણ ફુરસત આપતા નહીં કે તે પકાવી રહે પછી લઇ જઇએ, કેમકે તેઓને હ૦ અલી અ૦ની બીક ન હતી ડર ન હતો, તેઓ જાણતા હતા આપ બહુજ ઇનસાફી અને રહમ વાળા સહનસીલછે, કેટલાંક પોતાના સામાન માટે સાક્ષી પણ લાવી શકતા નહતા, છતાં આપ ફરમાવતા હતા કે કસમ ખાઇને લઇ જાઓ.

હ૦ અલી અ૦ ઉપર એવા ખોટા તોહમતો કાંઇ હાલમાંજ મુકાતા નથી પણ અસલથીજ મુકાતા આવ્યા છે, તેમાં આ ઝમાનાએ હદ કુદાવી આપી છે, આગલા ઝમાનાના હઝરતની શુજાઅત અને બહાદુરીમં કલામ કરતા નહતા પણ આ ઝમાના વાળા કેટલાક તો આપની શુજાઅતને પણ બટ્ટો લગાડે છે જેમકે મીરઝા કાદયાની જેમણે મ્હેદી હોવાનો દાવો કર્યો તેમના ખાસ માનવંતા મુરીદ અબ્દુલ કરીમે 'ખિલાફતે-રાશેદહ" નામની કીતાબ લખી છે તેમાં પેજ ૯૦૮માં લખે છે કે "અલીયે" થોડાક પૈશાનો છલ્લો (નજીવી હલકી વાટીને છલ્લો કહે છે) શીઆહના એતેકાદ મુજબ રૂકુમાં આપ્યો તેથી શું થયું? અને તેનાજ ૨૫-માં પેજમાં લખે છે કે "અલી" ડરપોક (બીહામણા) કમઝોર, અને નીફાકથી વરતવા વાળા હતા, અને તેથીજ તેમની ઓલાદ પણ તેવીજ થઇ.

કેમ વાંચકો! આ કેવા શબ્દ?! અવા શબ્દ વાંચી કમકમાટી ઉપજે છે! અને અફસોસનો પાર રહેતો નથી, દીલ ભરાઈ આવે છે કે—અવા **તમામ દુન્યા માટેના મહાન ઇમામ, અવલીયા, મુજાહીદ,** (જહાદ કરનાર) **કાતેલુલ મુશરેકીન, તમામ હુન્નરમાં એકતા સખાવતનાદર્યા,** ઇત્યાદી, ઇત્યાદી, માટે અવા હલકા શબ્દો મુસલમાનતો વાપરેજ નહીં પણ હીંદુ કે અંગ્રેજ પણ વાપરતા નથી, તમોએ હ૦ અલી વીશે એક આર્યાનો મત ગયા વરસના રાહેનજાતમાં વાંચ્યો હશે તે તથા ૯-૧૦ માં અંકમાં ૨૪૩માં પેજમાં જુઓ અને આ જુઓ! **હ૦અલીએ** વીટી આપી તે કુરઆનની ચોખી આયતમાં છે તેને થોડા પૈશાનો છલ્લો લખે છે તે પણ શીઆહના એતેકાદ મુજબ, એટલે પોતે તે પણ સાચુ માનતા નથી.

અફસોસ થાય છે દીલ બળીને કબાબ બને છે કે ઇસ્લામના ૭૩ ફિર્કાના બારઇ વિ૦ સહિત ૭૩ ફિર્કા એક મતે કબુલ કરે છે કે શુજાઅત અને સખા-

જગતમાં હ० અલી અ० જેવું કોઇ થયું નથી, કે હજારો દુશમનો વળી તેમાં મ્હોટા બહાદુરો મુમારો જેમકે મરહબ અન્તર વી० ની સાથે એકલા લડયા, અને રાહે ખુદામાં રુખસાર ખુશીથી આપ્યું, કફારને અમીર કરી આપ્યા, એવા મોલા માટે એવા શબ્દો !!

એ મવલાનું એવું રોઅબ અને દબદબા ભર્યું પાક નામ છે કે અગર નામર્દ એતેકાદથી એ નામનું વિર્દ કરેતો મર્દ બની જાય ! અને ઘણા ખરા તો વીર્દ પણ કરે છે, જેમકે કહયા કરે છે કે—

શાહે મર્દાં શેરે યઝદાં કુવ્વતે પરવરદિગાર ! *
લાફતા ઈલ્લા અલી લાસૈફ, ઇલ્લા ઝુલ્ફીકાર !! *

અર્થ—મરદોના શાહ, અલ્લાહના શેર, પરવરદીગારની કુવ્વત, ખરો મર્દ કોઇ નથી પણ હ० અલી અ०, તેમજ ખરી તલવાર કોઇ નથી પણ ઝુલ્ફેકાર.

સુન્નત જમાત તથા શીઆહમાં મોઅતબર સહીહ હદીસ મશહુર છે કે હ० રસુલે-ખુદાએ ફરમાવ્યું કે 'અના વઅલીયુન મિન નુરિન વાહેદ' એટલે હું તથા અલી એકજ નુરથી છીએ.

આતો હાલના ઝમાનાવાળા હ० અલી અ० શેરે ખુદાના વીરોધીયોની બાબત જાણી, હવે આગળના ઝમાનાવાળા વીરોધીયોમાંથી એકાદ બે જણની વાત વાંચો, કે જે હનેજા એબ્નીતીમાં લખે છે કે બસરાવાળાએમાંથી એક શખસ હજરતે ઇમામે ઝૈનુલ-આબેદીન અ०ની ખિદમતમાં હાજર થયો ત્યારે તેને કહ્યું કે યા હઝરત આપના દાદા હ० અલી ઇબ્ને અબીતાલીબે ઘણા મોઅમેનોને કત્લ કર્યા છે તે કેમ ?!

આ સાંભળીને તેની અણછાજતી વાત ઉપરથી આપની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં, એટલે સુધી કે આપે હાથની હથેળીમાં એ આંસુ ઝીલ્યાં, અને હથેળી આંસુથી ભરાઇ ગઇ ત્યારે આપે એ આંસુ ભોંય નાખ્યા, પછી આપે જવાબ આપ્યો કે એ બસરાવાળા બીરાદર હ० અલી અ૦એ એકે મોઅમિનને કતલ કરેલ નથી, અને જે લોકો આપના હાથે કતલ થયા તે મુસલમાન ન હતા, પણ ઇસ્લામના ગલબાથી જ્યારે ફાવ્યા નહીં ત્યારે લાચારીયે જાહેરમાં જાન માલ બચાવા ઇસ્લામ લાવ્યા હતા, પણ તેઓના દીલમાં કુફર છુપુ હતું પણ શું કરે ? કાંઇ ઇલાજ નહતો તેથી વખત અને મવકો મળે એ કુફર બાહેર પાડવાની રાહ જોતા હતા, એટલે સુધી કે જ્યારે હ० અલી અ०ના વિરોધી વધી ગયા અને ઝાઝા જણ એકઠા થયા ત્યારે એ બુગઝ ઉભરી નીકળ્યો અને ખુલ્લેખુલ્લી અદાવત જાહેર કરીને આપની સામે થયા.

આ સાંભળીને કુફાવાળો એક બુઢો બોલ્યો યા રસૂલલ્લાહના ફરઝંદ આપના દાદા તો એમ ફરમાવતા હતા કે જેઓ અમારી સામે બંડ ઉઠાવશે તેઓ અમારા ભાઇ અને બીરાદરોમાંથી છે, તો જો તેઓ કાફર હતે તો શીરીતે અમીરૂલ મોઅમેનીન તેઓને ભાઇ કહતે?

આપે જવાબ આપ્યો કે તેમાં શું હરકત છે? શું તમે કુરઆને શરીફમાં વાંચેલ નથી ? કે ખુદા ફરમાવે છે કે "વએલા આદિન અખાહુમ હુદ." એટલે આપની કોમ

ઇલ્મ રોશની છે.
હાજીભાઈ આગદાણી

(જે કાફર હતા) તે હુદ નબીના બીરાદરો અને ભાઇ છે, તો જે મુજબ હ૦ હુદ નબીના એ કાફરો ભાઇઓ અને બીરાદરો હતા, તેજ મુજબ હ૦ અલી અ૦ના એ લોકો બંડ ઉઠાવનાર બીરાદર અને ભાઇ હતા, અને એ હુદ નબીની કોમને ખુદાએ સખત લીંટોળ્યા અને વાવાઝોડાથી હલાક કરી, અને હ૦ હુદ તથા તેમને ચાહનારાઓને નજાત આપી.

**બીબી આએશા સાહેબાને** જનાબે અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામની સાથે જે દુશમની થઇ તેનું કારણ સુન્નત જમાતના તવારીખ નવેસ અબદુલહમીદ બિન અબીલહદીદ મોઅતઝલીએ **"નહજુલબલાગાહ"** ની શરાહ કરી છે તેમાં લખે છે કે હ૦ અલીએ એ નહજુલ બલાગામાં લખ્યું છે કે બીબી આએશાના દિલમાં અમારા પ્રત્યે કીનો જોશ મારતો હતો તે ખરી વાત છે, કેમકે જે ઝમાનામાં હું શેખ અબુયુસુફ યાઅકુબ બિન ઇસમાઇલ લુમ્આનીની પાસે ઇલ્મ શીખતો હતો ત્યારે હ૦ અલી અ૦ના મજકુર કલામ હું પડયો, અને શેખને અરજ કરી કે શા કારણથી બીબી આએશાને હ૦ અલી અ૦ સાથે અદાવત હતી?

આ સાંભળીને એ સાહેબે લંબાણથી જવાબ આપ્યો, અને ખુલાસાથી હું દરજ કરૂં છું કેમકે મેં બરાબર ધ્યાનથી સાંભળીને યાદ રાખેલ છે, છતાં કોઇ બાબત બરાબર ધ્યાનમાં રહી નહીં તેનો પુરો ખુલાસો અને મતલબ ધ્યાનમાં છે.

અદાવતનું પહેલું બી રોપાણું તે એ કે જનાબે ખદીજતુલ કુબરા નબીસાહેબના ઘરવાળાં તે જનાબે ફાતેમએ ઝહરા અ૦ની વાલેદા ખુદાની રહમતે પહોંચ્યા ત્યારે નબી સાહેબે બીબી આએશાની સાથે શાદી કરી, તો બીબી આએશાને જનાબે ફાતેમા સાથે બન્યું નહીં, અને શોકને દીકરી હોવાથી અદાવત પેઠી, ઉપરાંત નબી સાહેબ જનાબે ફાતેમાને બહુજ ચાહતા હતા, અને હદ ઉપરાંત લાડ અને પ્યાર કરતા હતા, તે બીબી આએશાથી જોવાતું અને ખમાતું નહોતું.

એ શીવાય નબી સાહેબ વારંવાર લોકોની સામે ફરમાવ્યા કરતા હતા કે–**"ઇન્નહા સય્યદતો નેસાઇલ આલમીન, વ ઇન્નહા અદીલતો મર્યમ બિન્તે ઇમરાન, વ ઇન્નહા એઝા મર્રત ફિલમવકેફે નાદા મોનાદિન મિન જેહતીલ અર્શે યાઅહલલમવકેફે ગુઝ્ઝુ અબ્બસારકુમ લેતઅબરૂ ફાતેમતો બિન્તે મોહમ્મદ સ૦"** એટલે ફાતેમા દુન્યાની તમામ બાનૂઓની સરદાર છે, અને જ૦ મર્યમ બિન્તે ઇમ્રાન જેવો મરતબો ધરાવે છે, કયામતને દીવસે હશ્રના મૈદાનમાં આવશે ત્યારે અર્શ તરફથી એક આવાજ આવશે કે ઓ મહશરવાળાઓ પોતાની આંખોને બંધ કરો કે હ૦ મોહમ્મદે મુસતફા સ૦ની દીકરી જનાબે ફાતેમા અ૦ પસાર થઈ જાય તો આ હદીસ ખરી અને સર્વેએ એકમતે માન્ય રાખેલી છે તેમાં કાંઇ પણ શક છેજ નહીં.

બીજું કારણ એ બન્યું કે ફાતેમા અ૦ની શાદી હ૦ અલી અ૦ સાથે થઇ, વળી બહુજ ધામધુમથી થઇ (કે દુન્યા પેદા થઇ ત્યારથી અત્યાર સુધી એવા ખાસ ખુદાઇ માન અને ઇકરામથી થઇ નથી) કે અલ્લાહ જલ્લશાનહુએ અર્શ ઉપર મલાએકાની રૂબરૂ

એ શાદીની ધામધુમ કરી* તે પછી દુન્યામાં હઝરત રસુલે ખુદાએ જાહેરમાં શાદી કરી આપી, તો એ કારણથી પણ બીબી આએશાને દુશમની થઇ.

હ. રસુલે ખુદાએ અનેક વખત એમ પણ ફરમાવ્યું છે કે જે કારણથી ફાતેમાને ઇજા થાય છે અને જે ચીજ તેમને ગુસ્સામાં લાવે છે તે ચીજ મને પણ ગુસ્સામાં લાવે છે, ફાતેમા મારા કલેજાનો ટુકડો છે, તે જેનાથી નારાજ થાય તેનાથી હું પણ નારાજ થાઉછું.

તો ખુલ્લી વાત છે કે શોકની દીકરી પ્રત્યે એવો પ્યાર અને અવીચાહતા, એવું માન અદેખાઇનું કારણ છેજ, અને જનાબે ફાતેમાની તાઅઝીમ અને ઇજ્જત વધારે કરતા તેમ તેમ બીબી આએશાના દીલમાં કીનો વધતો જતો હતો, કેમકે ઇન્સાની તાકત વળી સ્ત્રીજાત આથી ઓછી બાબતો ખમી શકતી નથી ત્યારે આતો ઘણીજ વધારે બાબત કહેવાય.

તો જ્યારે ફાતેમા સાથે અદાવત પડી ત્યારે તેમના શવહર સાથે તો થાય. તે સ્વભાવીક વાત છે, અને પાડોસણો એક બીજીની વાત કહી દેતી, તેથી વધારે દુશમની થતી, અને બીબી આએશા પોતાના બાપ હ૦ અબાબકર પાસે શીકાયત કરતા તેથી તેઓને પણ માઠું લાગતું અને હ૦ અલી પ્રત્યે કીનો પેદા થતો.

એટલુંજ નહીં પણ હ૦ અલી અ૦ની તાઅરીફ નબી સાહેબ બહુજ કરતા તેથી પણ હ૦ અબાબકરને ખરાબ લાગતું હતું.

આ પછી હ૦ અલી વીશે લખે છે કે તેઓ પણ નબી સાહેબ પાસે પોતે એકલાજ માનવંતા થવા ચાહતા હતા તેથી બીજાને એવો મવકો મળવા દેતા ન હતા, (આ વાત હ૦ અલી પ્રત્યે તદન મન ઘડત છે).

તો એવા એવા કારણથી અરસ પરસ દુશમની વધી ગઇ, અને એતો ખુલ્લી વાત છે કે અવાઅવા કારણથી આપસમાં દુશમની થાય છે, વળી બીબી આએશા ઉપર દુશમનોએ તોહમત મુકયુ, તો જો કે હ૦ અલી એતોહમત કરવાવાળાઓમાં શામીલ નહતા, પણ તેમણે નબી સાહેબને એવો મત આપ્યો કે બીબી આએશાને તલાક આપી દીએ.

આ વાતો બીબી આએશાને કાને પહોંચી, બીબી આએશાએ કાંઇ કહ્યું તે વાત મીઠું મરચું નાખી વધારીને સુખુન ચીન સ્ત્રીયોએ હ૦ અલી અને જ૦ ફાતેમાને પહોંચાડી, મતલબ કે અવા અવા કારણથી ખટપટ થઇ અને દુશમનીએ ઘર કર્યું.

નાજી કહે છે કે આ સાહેબ હ૦ અલી અ૦ તથા બીબી આએશા વચ્ચે

* એ માઅસુમાની શાદીનુ બયાન બહુજ રસીક અને લંબાણથી જાણવા જેવું છે રસ કસથી ભરપુર છે એક વખત વાંચવાથી મન સેર થતું નથી, અમોએ "તોહફતુલ મોઅમેનાત" નામની બસો પેજની કીતાબમાં ૪૨ પેજમાં ફક્ત શાદીનો અહવાલ લખ્યો છે, તેમાં ઊરદુ શેઅરમાં પણ એ અહવાલ દરજ છે,

દુશમન થવાના એવા એવા અનેક કારણો લંબાણથી લખ્યા છે, પણ અમો ઘણે ભાગે માનતા નથી કેમકે તેઓએ હ૦ અલી અ૦ તથા જ૦ ફાતેમાઅ૦ જે નુરે ખુદા છે તેમને ખાકી ઈન્સાનની જેમ દુન્યદાર ગણીને દુન્યાના ખાકી બંદાઓમાં જે અદેખાઇ, હસદ, લોભ, હીરસ વી૦ સમાએલ છે, અને તેના કારણે જે અણબનાવ, દુશમની, કુસુંપ વીગેરે થાય છે તે આ બુઝુર્ગવારો માટે પણ લાગુ પાડેલ છે, પણ આ સાહેબોમાં એવી ખસલતોનું નામ વટીક હતુંજ નહીં. આ બુઝુર્ગવારો તો નુરે ખુદા મલાએક ખસલતના હતા, તેમની શાનમાં એવા શબ્દો ઓચરવા તે સખત બે અદબી અને ગુનાહ છે, તેમની પાકઝાતમાં એબ લગાડવા સમાન છે.

એ બુઝુર્ગવારો પાક માઅસુમ હતા જે વીશે ખુદા ફરમાવે છે કે બીજું કાંઇ નથી પણ એકે અએ અહલેબયત (ઘરના લોકો) ખુદા ઈરાદો કરે છે કે તમારાથી ગુનાહોની નાપાકી લઇ જાય એટલે દુર કરે અને તમોને ગુનાહોથી પાક કરવાની રીતથી પાક કરે, એટલે અએ પયગમ્બરના અહલેબયત ખુદાએ તઆલાના ઈરાદાએ એ બાબત ચાહી છે કે તમારાથી ખતા અને ગુનાહ દુર કરે એટલે તમો કોઇ ન્હાનો મોહટો ગુનાહ કરવા ન પામો," અને તેથી તમો પાકજ રહો, અહલેબૈતના ઇજમાઅથી આ આયત હઝરતે રસુલે ખુદા સ૦ અને હઝરતે અલી અ૦ અને જનાબે ફાતેમા અ૦ અને હઝરતે ઇમામે હસન અ૦ અને હઝરતે ઇમામે હુસયન અ૦ની શાનમાં નાઝીલ થઇ છે, અને અહલે સુન્નત જમાઅતની ઘણી રીવાયતો એ બાબત ઉપર દલાલત કરે છે, જેમકે "સહીહ બુખારી"માં અને "જમઅબયનુસ્સહીહૈન"માં બીબી આયશાથી મનકુલ છે, અને "સહીઅબુદાઉદ" અને "મવતાએ માલીક"માં અનસથી અને મસનદે અહમદહમ્બલ માં ઉમ્મે સલમાથી, અને "તફસીરે સોઅલબી"માં અબુ સઇદ ખુદરીથી અને તે શીવાય અહલે સુન્નત જમાઅતની ઘણી કીતાબોમાં મજકુર છે કે આ આયત હઝરતે અલી અ૦ અને જનાબે ફાતેમા અ૦ અને હઝરતે ઇમામે હસન અ૦ અને હઝરતે ઇમામે હુસયન અ૦ની શાનમાં નાઝીલ થઇ છે, અને "મસનદે અહમદહમ્બલ"માં લખેલું છે કે અતાએ બિનરયાહ કહે છે કે ઉમ્મે સલમાએ ફરમાવ્યું કે એક દીવસ જનાબે ફાતેમા અ૦ માટીની હાંડીમાં ખાણું રાંધ્યું હતું અને તે ખાણું રાંધીને હઝરતે રસુલે ખુદા સ૦ની પાસે લાવ્યા અને તે વખતે હઝરત મારા ઘર હતા, જનાબે ફાતેમા અ૦ તે ખાવું હાજર કર્યું તો હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે અએ મારી આંખોની નુર હઝરતે અલી અ૦ અને હસન હુસયન

અ૦ને મારી પાસે બોલાવી લાવ કે તેઓ મારી સાથે ખાવું ખાય, જ્યારે તેઓ હાઝર થયાં ત્યારે પાંચે જણાઓએ ભેગાં બેસીને ખાવું ખાધું તે વખતે જીબરઇલ ખુદા પાસેથી આ આયત લઇને નાઝીલ થયા તો હઝરતે રસુલેખુદા એ એક ચાદર તેઓ ઉપર ઓઢાડીને ફરમાવ્યું કે ખુદાવંદા આ ખાસ મ્હારી અહલેબયત છે, તેઓથી ગુનાહોની નાપાકી ઉપાડી લે, તો જ્યારે મેં હઝરતની આવી દોઆ સાંભળી તો કહ્યું કે યા હઝરત હું પણ આપથી છું ? હઝરતે ફરમાવ્યું તું પણ ખયર ઉપર છે લૈકીન અહલેબયતમાંથી નથી.

અને ઉમ્મે સલમાંથી બીજી રીવાયતમાં છે કે હું પણ ચાદરનો ખુણો પકડીને દાખલ થઇ અને મેં કહ્યું કે હું તમારાથી છું ? હઝરતે રસુલે ખુદા સ૦ મારા હાથમાંથી ચાદર ખેંચી લીધી અને ફરમાવ્યું કે તું ખયર ઉપર છે પણ તું અહલેબૈતમાં નથી, અને સોઅલબીએ અબદુલ્લાહ બીને જાઅફરે તૈય્યારથી રીવાયત કરી છે અને તે રીવાયતનો છેલ્લો ભાગ આ છે કે હઝ-રતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે દરેક નબી માટે "અહલ" હોય છે અને આ ચારે મારા અહલ છે તે વખતે આ આયત નાઝીલ થઇ, હઝરત રસુલે ખુદા સ૦ની ઝયનબ બીબીએ કહ્યુ કે યા રસુલે ખુદા સ૦ હું તમારામાં દાખલ થઇ જાઉં ? હઝરતે ફરમાવ્યું તું પોતાની જગ્યાએ ખૈર ઉપર છે, એટલે અહલેબયતમાંથી નથી, અને સોઅલબીએ મજમાઅથી રીવાયત કરી છે કે એક દીવસ હું મારી મા સાથે આયશાં પાસે ગયો અને તેને કહ્યું જમલનાં લડાઇને દીવસે તેં જોયું કે તેં ચઢાઈ કરી અને ખુદાના હુકમની બાહર થઇ ગઇ, અને ખુદાએ ઘરમાં રહેવાનું ફરમાવ્યું છે, આયશાએ કહ્યું કેતે ખુદાની તરફથી બનવાનું હતું તે બની ગયું, પછી મેં આયશાને હઝરતે અલી અ૦ વિષે પુછયું, તેણે કહ્યું તેં મને એ શખ્સ વિષે પુછયું કે જેને હઝરતે રસુલ સ૦ સઘળાં માણસો કરતાં વધારે દોસ્ત રાખતા હતા, અને એના શવહર વિષે પુછયું કે જેને હઝરત અમો સઘળાં કરતાં વધારે દોસ્ત રાખતા હતા, અને મને ખુદાની કસમ છે મેં જોયું કે હઝરતે અલી અ૦ અને જનાબે ફાતેમા અ૦ અને હઝરતે હસન અને હુસયન અ૦ને હઝરતે રસુલે ખુદા સ૦ પોતાના જામામાં લઇ લીધાં અને તે જામાને તેઓના માથા ઉપર નાંખ્યો અને ફર-માવ્યું કે ખુદાવંદા આ મારી અહલેબયત અને મારા સગા છે, માટે તેઓથી નાપાકી દુર કર અને તેઓને મઅસીયત (ગુનાહ)ની આલુદગીથી પાક પાકીઝા કર, આયશા કહે છે કે મેં કહ્યું કે યા રસુલે ખુદા સ૦ હું આપની અહલેબૈતમાં છું, ? હઝરતે ફરમાવ્યું દુર જા કે તું મારી અહલેબયતમાં નથી, અને "સવા

એકે મોહરકામાં લખ્યું છે કે "મુસલીમ"માં મજકુર છે કે હઝરતેરસુલે ખુદા સ૦ ફરમાવ્યું કે હું તમોને પોતાની અહલેબયત વચ્ચે ખુદાને યાદ દેવરાવું છું, અમોએ ઝયદબિને અરકમને પુછયું કે તેમની અહલેબયત કોણ છે? શું પયગમ્બર સાહેબની ઓરતો છે? કહ્યું કે નહીં, ખુદાની કસમ કે તહકીક ઓરત મરદની સાથે એક મુદ્દત સુધી હોય છે પછી જ્યારે મર્દ તેને તલાક આપે છે ત્યારે તે ઓરત પોતાના બાપને ઘેર પોતાની કોમમાં ચાલી જાય છે, અને આ જગ્યાએ તેઓની અહલેબયત તેની નજીકના અને સગા વ્હાલા છે કે જેઓ ઉપર સદકો હરામ છે.

અને સહીહ દાઉદ અને "મવતાએ માલિક"માં છે કે અનસે રીવાયત કરી છે કે જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ સુબ્હની નમાઝ માટે બહાર નીકળતા હતા ત્યારે જનાબે ફાતેમા અ૦ના દરવાજા ઉપર આ આયત નાઝીલ થવા પછી આવાજ આપતા હતા કે અએ અહલેબયત સુબ્હની નમાઝનો વખત થયો, નમાઝને અદા કરો, એમ ફરમાવીને આ "તતહીર"ની આયત વાંચતા હતા અને આ આયતમાં "ઈન્નમા" નો શબ્દ હસ્ર માટે આવેલ છે, એટલે એમાં જેના માટે બયાન હોય તેનાજ માટે તે બાબત છે ન બીજા માટે, અને "બૈત" (ઘર) થી મુરાદ "બયતે નબુવ્વત" ન ઓરતોનુ બૈત(ઘર) અને અહલેબયતેરસુલ ખુદાએ મુકરરર કર્યા છે કે તે અલી ફાતેમા હસન અને હુસયન અ૦ છે, જેમકે ફખરે રાઝીએ તફસીરે "કબીર" માં લખ્યું છે કે તમારાથી નાપાકીને લઇ જાય એટલે તમારા ઉપરથી ગુનાહોને દુર કરે અને તમોને પાક કરે એટલે તમોને "કરામત" નો પોશાક પહેરાવે, અને અહલેબયતનો શબ્દ સામાન્ય રીતે સર્વના ઘરો માટે છે, પણ જ્યારે હઝરતે રસુલે ખુદા સ૦ ખાસ કરી દીધું અને ફરમાવ્યું કે આ મ્હારી અહલેબયત છે ન કોઇ તો આ ચાર બુઝુર્ગવારો શીવાયના બીજાં સઘળાં ખારીજ થઇ ગયા, અને એ ચાર અહલેબયતમાં દાખલ રહયા; તો આથી હઝરતે અલી અ૦ અને જનાબે ફાતેમા અ૦ અને હઝરતે હસન અને હઝરતે હુસયન અ૦ની ઇસમત સાબીત થઇ, અગર કોઇ મુનસીફી ઇન્સાફ કરે, પણ કેટલાંકકે જેઓની આદત અહલેબયતના ફઝાએલ ઘટાડવાની અને ઝઈફ કરવાની છે એમ ધારીને કે એવું ન થાય કે તેઓની ફઝીલત અમુક શખ્સોથી વધી જાય તેઓ કહે છે આ આયત હઝરતે રસુલે ખુદા સ૦ની બીબીયોની શાનમાં છે, અને અહલેબયથી મુરાદ હઝરતની બીબીયો છે, અને હાલ એ છે કે એવી એક રીવાયત નથી જેમાં મજકુર હોય કે હઝરતે રસુલે ખુદા સ૦ ફરમાવ્યું હોય કે આ

આયત મારી ઓરતોની શાનમાં પણ નાઝીલ થઇ છે, એક તો આ રીવાયત બયાન કરે છે કે ઈબ્ને અબ્બાસનો ગુલામ અકરમા બજારમાં બુમો પાડી ફરતો હતો કે આ આયત પયગમ્બરની ઓરતોની શાનમાં નાઝીલ થઇ છે, અહલે સુન્નતની કીતાબમાંથી "તકલીબુલ મકાયદ" નામની કીતાબમાંથી નકલ કરી છે, કે અકરમા ખારજી અને અહલેબયતનો દુશમન હતો, તો જ્યારે તેનો એવો હાલ હતો કે તે અહલેબયતનો દુશમન હતો ઉપરાંત તે સારો અને ભલો માણુસ પણ નહતો બલકે તે ઇબ્ને અબ્બાસનો ગુલામ હતો તો તે આ આયતને હઝરતે અલી અ૦ અને જનાબે ફાતેમા અ૦ અને હઝરતે હસન અ૦ અને હઝરતે હુસયન અ૦ની શાનમાં કેવી રીતે કહે? તેના ઉપર તો લાઝીમ થઇ ગયું કે અદાવત અને પોતાની બદજાતીના કારણથી આ આયતને હઝરતે રસુલે ખુદા સ૦ની બીબીયોની શાનમાં કહે.

અને બીજી રીવાયત જે ઇબ્ને અબ્બાસથી છે તેઓમ કહે છે તો તે પણ તે ગુલામેજ બનાવી હશે કેમકે તે મોઅતબર રીવાયતોની વિરૂદ્ધ છે, અને ઉપરાંત આ રીવાયતો શાઝમાંથી છે એટલે એકાદ વારીદ થએલી છે, ન ઘણી, પણ એ આલીમોથી અચંબો પામીએ છીએ કે આયશા, ઉમ્મે સલમા અને ઝયનબ કે જેઓ હઝરતે રસુલે ખુદા સ૦ની ઓરતો હતી અને અનસ અબુ સઇદ ખુદરી અને ઝયદબિન અરકમ વીગેરે કે જેઓ રસુલે ખુદા સ૦ના અસહાબ હતા તેઓની રીવાયતોથી ચશ્મ પોશી (આંખબારૂ) કરી એક અહલેબયતના દુશમન ગુલામની રીવાયત ઉપર અમલ કરે છે, અરે તેઓનો દસ્તુરજ છે કે એક મોઅતબર શખ્સ અહલેબયતની ફઝીલત બયાન કરે, અને બીજો જે ગૈર મોઅતબર હોય તેમજ અહલેબૈતનો દુશમન હોય તે ફલાણી રીવાયત ઝઇફ છે એમ કહે તો તેઓ તે ઝઇફ હોવા ઉપર અમલ કરે છે, અને મોઅતબર માણુસની રીવાયત ઉપર અમલ કરતા નથી, અને સહીહે સવાએકે મોહરકામાં ઝયદબિન અરકમનો કૌલ છે કે હઝરતની ઓરતો અહલેબયતમાંથી નથી, બલકે અહલેબયત એ લોક છે કે જેઓ ઉપર સદકો હરામ હતો, અને અહલેબયત નો શબ્દ સામાન્ય છે કે તેમાં દીકરો, પોત્રો; નવાસો અને જાહેર રીતે ઓરત શામીલ છે, અને જે આયતમાં "નેસાઅકુમ" માં "નેસાઅ" (ઓરત) શબ્દ જાહેર રીતે છે એ બાબત ઉપર દલાલત કરે છે કે તેથી મુરાદ ઓરત હોય ન બીજી કોઇ, તો જ્યારે "નેસાઅના નેસાઅકુમ" ની આયતમાં 'નેસાઅ" નો શબ્દ કે જે ખાસ કરીને ઓરતો માટે હતો અને

જાહેરમા તે ઓરત ઊપરજ દલાલત કરતો હતો તેનાથી હઝરતની બીબીયો મુરાદ થઇ નહીં અને ત્યાં જનાબે ફાતેમા અ૦ મુરાદ થયા, તો અહલેબયતનો શબ્દ કે તે ઘરના સર્વે લોકો માટે છે, તો તેમાં હઝરતની બીબી કેવી રીતે ગણાઇ શકાય? અને જુવો જાહેર છે કે હઝરતે રસુલે ખુદા સ૦ જ્યારે સવારના વખતે જનાબે ફાતેમા અ૦ના દરવાજા ઊપર પહોંચતા હતા ત્યારે આવાજ આપી નમાઝનું કહી આ તતહીરની આયત વાંચતા હતા. તો અગર હઝરતની બીબીયો અહલેબયતમાં દાખલ હોત તો હઝરતે રસુલે ખુદા સ૦ તેઓના ઘરે જઇને અવાજ આપત કે "અસ્સલાતો અએ અહલેબયત (છેલ્લે સુધી) આયતમાં "રિજસ" (નાપાકી) શબ્દ આવેલ છે તેથી મુરાદ કાંતો જાહેરી નાપાકી છે કે તે પેશાબ લોહી વી૦ની છે, અથવા બાતીનની નાપાકી છે, કે તે ન્હાના મોહટા ગુનાહની નાપાકી છે, તો જો એનાથી જાહેરી નાપાકી મુરાદ લીયે તો હઝરતની બીબીયો કાંઇ એવી લોહી વી૦ જાહેરી નાપાકીથી ખરડાએલી રહેતી નહતી કે ખુદા તેને પાક કરે, તો સાબીત થયું કે તેથી બાતીનની નાપાકી તે ન્હાના મોહટા સરવે જાતના ગુનાહ છે, અને જ્યારે ખુદાએ તમામ ગુનાહોથી પાક હોવાનું ફરમાવ્યું તો તે મઅસુમ (ગુનાહથી પાક) ઠરે છે, અને મુસલમાનોના ફીરકાઓમાંથી કોઇ પણ એ બાબતનો કાયલ નથી કે પયગમ્બરની બીબીઓ માઅસુમ હતી, અને જે ઓરતે ઝમાનાના ઇમામ સાથે જંગ અને લડાઇ કરી હોય તે કેવી રીતે માઅસુમ થઇ શકે? હાંસલકલામ હઝરતની બીબીયો કોઇ રીતે આ આયતમાં દાખલ નથીજ; પણ હઝરતે અલી, ફાતેમા, હસન, અને હુસયન અ૦ છે, કે તેઓથી કોઇ વખત પણ ગુનાહ થયાં નથી, અને જેઓ કહે છે કે આ "તતહીર" (પાકીજગી)ની આયતની પહેલે અને તે પછી હઝરતની બીબીયોનું બયાનછે તો આ "તતહીર"ની આયત તેઓજ વીશે હશે, તો તેનો જવાબ એ છે કે જે પ્રમાણે આયતો નાઝીલ થઇ છે તેજ પ્રમાણે આ આયતોને ગોઠવેલી નથી, કેમકે એક જગોની આયત બીજી જગ્યાએ નાખી આપેલ છે, અને ઠેરાવો કે આ આયત આજ પ્રમાણે નાઝીલ થઇ હોય તોપણ કાંઇ હરકત આવતી નથી. કેમકે કુરઆનમાં એવું ઘણે ઠેકાણે છે કે એક મતલબ શરૂ થયા પછી વચમાં તે શીવાય બીજો મતલબ આવી, વળી તે પહેલોજ મતલબ ચાલે છે, એ પ્રમાણે આ પણ છે, અને અગર આ તતહીરની આયત હઝરતની બીબીયો માટે હતે તો આ આયતમાં "વયોતહહેરોકુમ" (અને પાક કરે તમોને) બીજો પુરૂષ સર્વનામ બહુવચન નરજાતીમાં આવેલ છે તે ન આવતે, બલકે આની પહેલેની અને પછીની આયતમાં જેમ બીજો પુરૂષ સર્વનામ બહુવચન નારી જાતીમાં આવેલ છે તેમજ આમાં પણ આવતે, તો એથી સાબીત થયું કે આ આયતમાં હઝરતની ઓરતો દાખલ નથી. અને બીજી જગોએ હઝરતે ઇબરાહીમ અ૦ વિશેની આયતમાં હઝરતે ઇબરાહીમની બીબી સારાને તેઓની અહલેબયતમાં ગણેલ છે, તો તે હઝરતની બીબી હોવાના સબબથી નથી બલકે તેઓ હઝરતની માશી અથવા કાકાની દીકરી થતા હતા, અને તે આયત પણ આખર ઝમાનાના પયગમ્બરની અહલેબયતની શાનમાં હતી, પણ એ આયત આની જેમ જનાબે સારાના બયાનમાં નાખી આપી છે, જેમકે આ તતહીરની આયત હઝરતે રસુલે ખુદા સ૦ ની બીબીયોના બયાન વચે નાખી આપી છે.

અને રીવાયતોથી સાબીત થાય છે કે આ તતહીરની આયત એકલીજ નાઝીલ થઇ છે, હાલ આ આયત જે ઠેકાણે છે કે પહેલે અને પાછળ હઝરતની બીબીયોનો અહવાલ છે તેમ નાઝીલ થઇ નથી, પણ કુરઆન ભેગું કરનારે એ આયતોને વચમાં નાખી દીધી છે, અને આ આયતમાં " બયત " (ઘર) શબ્દ એક વચનમાં આવેલો છે તો બીબીયોના માટે "બયત" શબ્દ ન વાપરવો જોઇયે બલકે "બોયુત" (ઘરો) બહુ વચન વાપરવું જોઇયે, જેમકે આ આયતની પહેલી અને પાછલી આયતમાં "બોયુત" બહુવચન વાપરેલી છે, તો સાબીત થયું કે એ "બયત" (ઘર)થી મુરાદ 'બયતે નબુવ્વત' (નબુવ્વતનું ઘર) છે, નકે તમામ ઘરો, અને ઘણી રીવાયતોથી સાબીત છે કે એ "બયત"થી બીબીયોના ઘર મુરાદ નથી.

અહલે સુન્નત જમાઅતના આલિમ અબુલકાસીમ ખસ્કાનીએ જાબિરથી રીવાયત કરી છે કે જાબિર ફરમાવે છે કે આ "તતહીર"ની આયત જે વખતે હઝરતે રસુલે ખુદા સ૦ ઉપર નાઝીલ થઇ હતી તે વખતે હઝરતના ઘરમાં હઝરતની પાસે ફાતેમા હસન અને હુસયન અ૦ શીવાય બીજું કોઇ ન હતું, તો એ ખીતાબ એ પાક બુઝુર્ગવારો તરફ છે, તો તે વખતે એજ પાંચ બુઝુર્ગવારો અહલેબયત એટલે ઘરના લોકો હતા, તો બીબીયોને તેમાં કેવી રીતે ગણી શકાય? ઉપરાંત ઘણી રીવાયતોમાં આવ્યું છે કે આ રીવાયત એજ પાંચ બુઝુર્ગવારની શાનમાંજ નાઝીલ થઇ છે, તો હઝરતે રસુલે ખુદા સ૦ના ફરમાનને મુકી આપી પોતાના મતને દખલ આપી પોતા તરફથી કાંઇ બતાવવું તે કબુલ કરવા લાયક નથી.

અને જેઓ કહે છે કે એ આલેઅબા પંજેતને પાક તો પાક હતા તો પાક લોકોને ખુદા શું પાક કરે? પણ આ આયત હઝરતની બીબીયો માટેજ થઇ શકે છે, તો જાણવું કે આ મુજબ કહેનાર પાસે એવું સાબીત છે કે હઝરતની બીબીયો પહેલે પાક ન હતી કે ખુદા હવે તેઓને પાક કરે છે, પણ ખરી વાતતો એ છે કે એવા અર્થ કરનાર પાક કરવાના અર્થ સમજ્યા નથી, કેમકે તેના અર્થ એ છે કે ખુદા તમોને તહારત અને પાકીજગી ઉપર સાબીત અને કાયમ રાખે, જેમકે "એહદેનસ્સરાતલ મુસ્તકીમ"માં છે કે તેના અર્થ એવા થાય છે કે સિધા રસ્તાની અમોને હીદાયત કર, તો શું પયગમ્બર કે ઇમામ વી૦ એ મુજબ કહેતા હતા તો શું એમ સમજવું કે તેઓ સીધા રસ્તા ઉપર નથી? પણ તેના અર્થ એ છે કે તું અમોને સીધા રસ્તા ઉપર સાબીત રાખ, તો એજ પ્રમાણે આ તતહીરની આયતના અર્થ છે કે ખુદએ ફરમાવ્યું કે ખુદા તમોને તહારત ઉપર સાબીત રાખે, અને તહારત નજાસતથી પણ થાય છે અને ગુનાહથી પણ થાય છે, તો દરેક જગ્યાએ એકજ અર્થ લેવાઇ શકાતા નથી, બલકે દરેક ઠેકાણે જોવું જોઇયે કે આ ઠેકાણે કયા માયના મુનાસીબ અને દુરસ્ત છે! તો જે લોકો ચાહે છે કે આવી આયતોની ઉલટી ઉલટી તાવીલ કરી આલે રસુલની ફઝીલત સાબીત થવા ન દે તો તેથી તેઓનું કાંઇ વળવાનું નથી, સુર્ય સામે ધુળ ઉડાવાથી તે છુપી શકતો નથી, જે ઠેકાણે અહલેબયતનું બયાન આવશે ત્યાં સર્વે મુસલમાન આલ પંજેતને પાકને સમજશે. ન હઝરતની બીબીયોને જેમ જેમ અહલેબયતની ફઝીલત ઘટાડવાની કોશીશ કરે છે તેમ તેમ તેઓની ફઝીલત રોશન થતી જાય છે.

# એક અજબ બખીલ.

એક દીવસ એક તવંગરની ઓરત દસ્તરખાન ઉપર પોતાના શવહરની સાથે બેઠેલી હતી, કે એક ફકીરે સવાલ કર્યો, તે ઓરતે ચાહ્યું કે તે ફકીરને કાંઇ આપે, પણ તેનો મરદ બહુજ બખીલ હતો તેથી ઓરતને કહ્યું ફકીરને કાંઇ આપીશ નહીં, તેણી કાંઈ બોલી તેટલા ઉપરથી તેણીને તલાક આપી.

તે સખી ઓરતે ઇદ્દાના દીવસો ગુજારવા બાદ બીજો શવહર કર્યો, એક દીવસ પોતાના નવા શવહરની સાથે ખાતી હતી કે એક ફકીરે સવાલ કર્યો, આ ઓરત સમજી કે ફકીર માટે તલાક મળી હતી, માટે વગર રજાએ દેવાનો ઈરાદો કર્યો નહીં, પુછયું આ ફકીરને કાંઇ આપું? તેણે કહ્યું તમામ દસ્તરખાન આપી દે.

તે ઓરત દસ્તરખાન લઇ દરવાજા ઉપર આવી તો ફકીરને જોઇ બેહોશ થઇ પડી ગઇ, તે જોઈ તેનો શવહર દોડીને પાસે આવ્યો, જ્યારે તે ઓરત હોશમાં આવી તો તેના મરદે પુછયું કે શા કારણથી બેભાન થઇ ગઇ? તેણીએ કહ્યું આ ફકીર પહેલા મારો શવહર હતો પણ બખીલીના સબબથી આ દરજે પહોંચ્યો, અને તમામ વાત કહી સંભળાવી.

આ સાંભળીને તેના શવહરે કહ્યું કે આની પહેલા જેને દેવાના સબબથી તને તલાક આપી તે હું ફકીર હતો.

# નબી સાહેબે આપેલી લાકડીમાં
## અજબ કરામત.

રાવન્દી વીગેરેઓએ રીવાયત કરી છે કે એક દીવસ અંધારી રાતમાં વરસાદ વરસતો હતો તે વખતે હ૦ રસુલે ખુદા સ૦ ઇશાની નમાઝ પડીને જતા હતા ત્યાં રસ્તામાં આપની સામે વિજળી ચમકતી હતી કે તેથી અજવાળું થાય, રસ્તામાં આપે કુતાદા બીન નેઅમાનને જોયો તેણે અરજ કરી કે યા હઝરત હું અંધારી રાતરે આપની સાથે નમાઝ પડવા આવી શકતો નથી, આ સાંભળીને આપે તેને એક ખજુરની સુકી લાકડી કે જે આપના હાથમાં હતી તે તેને આપીને ફરમાવ્યું કે આ તું તારી પાસે રાખ કે તેથી અંધારી રાતરે તને અજવાળું દેખાશે, અને તારા ઘરના એક ખુણામાં શયતાન રહે છે તેને લાકડી મારજે કે તેથી તે દફે થશે, એ શખસ પોતાના ઘરમાં ગયો અને ખુણામાં કાંઇ કાળું કાળું જોવામાં આવ્યું તેથી તેના ઉપર હુમલો કર્યો અને તે ભાગીને ભીંત ઉપરથી ચાલ્યો ગયો પછી તે કદી આવ્યો નહી, અને મજકુર લાકડી તે અંધારી રાતરે હાથમાં રાખતો હતો તેથી તેને રસ્તો દેખાતો હતો.

# મનકબત.

ઐ ખામીસે આલે અબા મુશ્કીલકુશાઈ કીજીએ*
ઐ રાઝદારે કીબ્રીયા મુશ્કીલ કુશાઇ કીજીએ ૧
ઐ મસદરે સીરેં એલાહ મુશકીલ કુશાઇ કીજીએ*
ઐ મબ્દએ ફઝલોઅતા મુશકીલ કુશાઈ કીજીએ ૨
અ પેશવાએ અંબીયા ઐ રહનુમાએ અવસીયા *
ઐ બાદશાહે અવલીયા મુશકીલ કુશાઇ કીજીએ ૩
ઐ મઅદને મહરો વફા ઐ રહબરે કુલ અસ્ફીયા*
ઐ બેહતરીને અતકીયા મુશ્કીલ કુશાઈ કીજીએ ૪
ઐ દિલબરે ખૈરૂલવરા અય નુરે ઐને મુરતુઝા*
ઐ સાહેબે જુદો સખા મુશ્કીલ કુશાઈ કીજીએ ૫
ઐ દસ્તગીરે બેકસાં અય ફૈઝ બક્ષે ઇન્સોજાં*
ઐ આલીકે શાહો ગદા મુશ્કીલકુશાઈ કીજીએ ૬
ઉકદા કુશાઇ કીજીએ મોઅજીઝ નુમાઇ કીજીએ*
અય હામીયે ખલ્કે ખુદા મુશ્કીલ કુશાઈ કીજીએ ૭
હય યેહ ગુલામોંકી દોઆ જાએ મરઝ તાઉનકા*
હય વકત યેહ ઇમદાદકા મુશ્કીલ કુશાઇ કીજીએ ૮
તરસાં હે સબ પીરો જવાં લરઝાં હ સબ તીફલોઝનાં*
અય ગુમરહાં કે રહનુમા મુશ્કીલ કુશાઈ કીજીએ ૯
મુઝતર હય સબ છોટે બડે આફતમેં હય સારે પડે*
અય સરવરે હરદોસરા મુશ્કીલ કુશાઈ કીજીએ ૧૦
અઝ બેહરે સુલ્તાને નજફ તાઉન હોવે બરતરફ*
હમ સબકી હૈ યેહ ઇલ્તેજા મુશકીલ કુશાઇ કીજીએ ૧૧
ન હમદમે ન નાસીરે નમુનીસે ન યાવરે*
નઝરે બસુએમાં શહા મુશ્કીલ કુશાઇ કીજીએ ૧૨
સદકા રસુલુલ્લાહકા સદકા વલીયુલ્લાહકા*
અય દાફેએ રંજો બલા મુશકીલ કુશાઈ કીજીએ ૧૩
શેરે ખુદાકા વાસ્તા ખૈરૂન્નીસાકા વાસ્તા*
અચ સાબીરે ઝુલ્મો જફા મુશ્કીલ કુશાઇ કીજીએ ૧૪
બહરે ખુદા બહરે નબી બહરે હસન બહરે અલી*
બહરે જનાબે ફાતેમહ મુશ્કીલ કુશાઇ કીજીએ ૧૫
સજ્જાદે અતહરકે લીએ બાકીર વ જઅફરકે લીએ*
લિલ કાઝીમો સુમ્મરેઝા મુશ્કીલ કુશાઇ કીજીએ ૧૬
બહરે તકી બહરે નકી બહરે ઇમામુલ અસ્કરી*
બહરે ઇમામુલ ખાતેમહ મુશ્કીલ કુશાઇ કીજીએ ૧૭
દફઅ પરેશાની કરો દફઅ યેહ હૈરાની કરો*
અય શેરે હકકે દિલરૂબા મુશ્કીલ કુશાઇ કીજીએ ૧૮
રાસીખ કી હૈ અબ યેહગરઝ જાએ દખનસે હરમરઝ*
અય મુસ્તફાકે મહલકા મુશ્કીલ કુશાઇ કીજીએ ૧૯

# તાજે મોઅજીઝોનં ૪૮૭

હૈદરાબાદ દખણથી જનાબ સય્યદ આશક હુસેન સાહેબ ઇસના અશરી પેપરના ૧૯૧૬ના ૨૩મી ડીસેંબરના અંકમાં લખે છે કે હયદરાબાદમાં પુરાની હવેલીના ફાટક પાસે એક મોઅમિનને ત્યાં અલમ મુબારક ઉભા કરવામાં આવ્યા હતા તેમાંથી એક અલમ આપો આપ હલવા લાગ્યો.

એ સાંભળીને હજારો જણ જોવા ગયા, તેમાં કેટલાંકોએ કહ્યું કે આ અલમવાળાએ જમીનમાં ભુંગળામાં દોરી નાખીને અલમની લાકડી સાથે બાંધી હશે અને તે કોઇ ઘરમાંથી દોરી ખેંચતા હશે તેથી અલમ હલતો હશે, માટે ત્યાંની ભોંય ખોદવા આપો, તેઓએ રજા આપી, એક માથોડું જમીન ખોદી પણ કોઇ તાર, કે દોરી વીગેરે જોવામાં આવ્યું નહીં.

જ્યારે સુન્ની અરબોને ખબર પડી ત્યારે તેઓએ પણ ત્યાં જઇને ઘણીંજ ખાત્રી કરી અને અલમને હલતો જોયો પણ કાંઇ ઢોંગ કે કળ બળ કે ચાલાકી વીગેરે માલુમ નહીં પડવાથી તેઓ પણ સમજ્યા કે આતો હઝરતે ઇમામે હુસયન અ૦નો મોઅજીઝો છે, અને જ્યાં સુધી આ લખાણુ છાપવા મોકલ્યું ત્યાં સુધી એ અલમ હલ્યાજ કરે છે, અને બહુજ જોર શોરથી મજલીસો થાય છે, શહેરનો દરેક ઝાકીર આવી આવીને સવાબ મેળવવા ત્યાં મજલીસ પડે છે, અને કોઇને એવી મજલીસ થતી નહીં હોય કે જેવી એ જગ્યોએ થાય છે.

## અલ્લાહની અજબ કુદરત.

માડાગાસ્કર અમભુવેબેથી શેઠ અમરશીભાઇ ઇસમાઇલ લખે છે કે ત્યાં પાસેના એક ગામડામાં એક ગાયને એક વાછડું આવ્યું, તેને બે માથા અને વાછડો તથા વાછડી જેવા અવયવ હતા, મતલબ કે વાછડો વાછડી બે ભેગ એક અંગવાળા જનમ્યા, અને અમુક કલાક પછી મરી ગયા, હજારો માણસોએ જોયા

# લખનઉના શીઆહ બાદશાહો

( ગયા અંકના પેજ ૧૦૦થી સાંધણુ )

નવાબ સાહેએ કહ્યું કે આપની વાત મને પસંદ આવી પણ તે માટે શું શું ઉપાય લેવા તે પણ મને કહો.

તેઓએ કહ્યુ કે લખનઉમાં એ શેખોમાં આપસમાં અણુબનાવ છે સંપ અને સુલેહ નથી, તેમજ આજુ બાજુના ગામો વાળા સાથે પણ સંપ નથી, તેમજ એક બીજા સાથે દુશમની છે, ને કમજોર હોય તેને જોર વાળો દબાવે છે, બળયાવરના બે ભાગ જેવું છે, માટે નબળા અને કમજોરને માન આપશો તો તેઓ આપના તરફદાર એટલા માટે થશે કે આપ જો ફાવી જાઓ તો આપના વસીલાથી પોતાના દુશમનોના ઝુલમમાંથી મુકત થાય તેથી આપને દરેક રીતે રસ્તો બતાવીને એવી તદબીર ગોઠવી આપશે કે આપ આસાનીથી લખનોઉનો કબજો લઇ શકો, એ કહેવત છે કે ઘરનો ભેદુ લંકા બાળે એ લોકો તેઓની તમામ બાબતોથી વાકેફ છે.

નવાબ સાહેએ એ સલાહ પસંદ કરીને લખનઉ જવનો ઇરાદો માંડી-વાળીને ત્યાંથી પડાવ ઉપાડીને રવાના થઇને ગંગા નદીને પેલેપાર જઇને પડાવ નાખવા ઇરાદો કર્યો, નદી પાસે પહોચ્યા ત્યારે વરસાદનું જોર હોવાથી નદીમાં પુર બહુજ આવેલું તેથી હોડકામાં બેસીને નદીની પાર ઉતર્યો, અને તે વખતે પહેલે સારા શુકન એ થયા કે નવ્વાબ સાહેબ જે વાણુમાં બેઠા તે વાણ નદીને અધવચે પહોચ્યું ત્યારે એક માછલી ઉછળીને નવાબના ખોળામાં પડી, તેથી નવ્વાબે ખુશી થઇ ઘણાજ સારા શુકન સમજીને તે માછલી બહુજ સંભાળથી રાખી અને તેના સહડકા હજુ સુધી પેઢી દર પેઢી સાચવી રાખેલ છે અને જોવાવાળા જોવે છે, એ શીવાય નવ્વાબ સાહેબને સ્વપ્નું આવેલું તેમાં પણ જોએલું કે બાદશાહની નોકરી કરીને પોતે બાદશાહ થશે.

હાસલ કલામ નવ્વાબ સાહેબે નદીની પાર ઉતરીને આગળ ચાલીને કપુરી નામન ગામ પાસે પડાવ નાખ્યો, ત્યાંના શેખોને લખનઉના શેખો સાથે દુશમની હતી તેથી તેઓ નવ્વાબ સાહેબના આવવાથી બહુજ ખુશી

થયા તેથી એ લોકોએ નવ્વાબ સાહેબને ઘણો આવકાર આપ્યો અને તેઓને નેક સલાહ આપવા લાગ્યા, અને તેમને માટે સારારસ્તા અને ઉપાય બતાવા લાગ્યા, અને દરેક રીતે બેહતરીને માટે જાહેર કરવા લાગ્યા અને તે સાથે એમ પણ કહ્યું કે લખનઉવાળા ગાફીલ નથી, એ લોકોએ ચારે તરફ પહેરો રાખીને ઘણો બંદોબસ્ત કર્યો છે.

માટે આપ એકાએક ત્યાં જશો નહી, પણ તેઓને અહીંયાથી પૈગામ મોકલો કે હું તમારી તરફ આવવા ચાહું છું તો તેઓ તમોને આવવાનો રસ્તો બતાબશે કે તમો અહીંયા આવવા ચાહતા હોતો ગોમતી નદીને પેલે કાંઠે આવીને ઉતરો પછી દરેક જાતની સલાહ કરીશું, અને તેઓની સલાહથી ગોમતી નદી જે લખનઊમાં છે તેની આ બાજુ ડેરા નાખીને પહેલે થોડીક ફોજ ત્યાં મોકલી આપજો, કે તેઓ ગફલતમાં રહે, પાછળથી તમો જજો.

નવ્વાબ સાહેબે તેઓની વાત પસંદ કરીને પહેલે એ લોકોને ખબર મોકલીને થોડું લશ્કર મોકલ્યું, તેઓ સમજ્યા કે આમાં કાંઇ માલ નથી ત્યાં રાતને વખતે નવ્વાબ સાહેબ ભારે લશકર લઇને ગયા.

શેખે પોતાના મહેલના દરવાજા સામે રસ્તામાં મગરૂરી અને રોઅબ માટે તલવાર ટાંગેલી કે જે સુઓ આવે તે તેની નીચેથી પસાર થાય, તો આ નવ્વાબ સાહેબ હાથી ઉપર બેસીને ત્યાં પહોંચ્યા, અને તે તલવારને જોતાંજ તેની નીચેથી પસાર નહીં થતાં પોતાની તલવારથી તેને તોડી નાખીને પસાર થઇને મછી ભવનની સામો ડેરો નાખીને ઉતર્યા.

આ વખતે લખનઊનો મોટો શેખ ડરી ગયો અને નવ્વાબ સાહેબની ખિદમતમાં આવીને લાચારીએ નમ્યો, અને આપસમાં ઘણી વાતચીત થઇ, નવ્વાબ સાહેબે કહ્યું કે બાદશાહ તરફથી મને અહીંની હકુમત મળેલી છે, માટે અમારે રહેવા માટે મછી ભવનનો કીલો જરૂરનો છે અને તેજ અમારા લાયક છે, માટે એ ખાલી કરાવી આપો, તેઓએ જવાબ આપ્યો કે ભલે અમો બહુજ ખુશીથી એ કીલ્લો ખાલી કરવા માટે રાજી છીએ, પણ હાલ અમારા બચ્ચાઓને શીતળા નીકળી છે, માટે હાલ તેઓને સારૂં થાય અને અમો નહવરાવીએ ત્યાં સુધીની મોહલત આપો નવ્વાબ સાહેબે કહ્યું ભલે એમ કરો, એટલી બધી ઉતાવળ નથી માટે બચ્ચાઓને શીતળા સારી પેઠે મટી જાય અને નહવરાવી લીયો ત્યારે ખાલી કરજો.

એ શેખો હતા ઝુલમી, અને કોઇને પણ શરણે થાય એવા નહતા

પણ કહેવત ખરી છે કે શેરને માથે સવા શેર હોય છે, તો આ નવ્વાબ સાહેબનો એવો રોઆબ બેસી ગયો કે તે લોકો રોઆબમાંને રોઆબમાં પોતાનો રોઆબ ભુલી ગયા અને દબાઇ જઇ એકજ અઠવાડયામાં પોતાનો તમામ સર સામાન લઇને બીજી જગ્યાએ રહેવા ગયા, અને કીલ્લો ખાલી કરી આપ્યો.

નવ્વાબ સાહેબ કીલામાં દાખલ થયા, અને ભારે ભારે સામાન જે શેખ લઇ જઇ શકયા નહતા તે કબજે કરી પોતાના લશકરીયેને વેંહચી આપ્યો.

થોડા દિવસ પછી એ શેખમાંથી મોટેરાઓ તથા તેમની કોમના સાતસો જણ નવ્વાબ સાહેબની પાસે ગયા, અને આપસમાં વાતચીત થતા મામલો હુસાતુસી ઉપર આવીને ઝગડો થઇ પડયો એટલે સુધી કે સામસામી તલવારો મીયાનમાંથી નીકળી પડી, અને કેટલાક કહે છે કે કાંઇક ખુનરેજી થઇ, કેટલાક કહે છે કે ખુનરેજી થતા અટકી ગઇ, કેટલાંકે વચમાં પડીને સમાધાની કરાવી આપી અને મુગલોંને જીત થઇ.

હાસલ કલામ નવ્વાબ સાહેબ બહુજ ખુશી થયા કે આપણે પહેલીજ લડાઇ અથવા ઝગડામાં જીત્યા, અને દરેક કામ આસાનીથી મનમાનતુ પાર ઉતરતુ જાય છે, બાદશાહને તમામ અહવાલ લખી મોકલ્યો તે પણ રાજી થયો.

એ વખતથીજ એ મછી ભવન દરબારી મહેલ તરીકે મુકર્રર થયું, અને આજુ બાજુના ગરાસીયા વીગેરે તોફાન મુકીને તાબેદાર થઇ ગયા, અને સમજ્યા કે નવ્વાબ સાહેબનો સીકકો જામી ગયો, તેથી આપણે જો સામા થાશું તો મીલકત ગરાસ ખોઇ બેસસું તેથી હળી મળી ગયા.

નવ્વાબ સઆદતખાન બહાદુર બુર્હાનુલ્મુલ્ક મિરઝામોહમ્મદ અમીન સાહેબ દીન બદીન ફતેહ મેળવતા ગયા, અને અધાધુની ચાલતી તે દુર કરતા ગયા, આમદાની બરાબર આવતી નહતી તે રીત સમલે એમ કહ્યું અને અવધ જીલ્લાની ઉપજ દર વરસે સીત્તેર લાખ રૂપીયાની હતી તે પહેલેજ વર્ષે વધીને લગભગ દોઢી થઇ, એટલે એક કરોડ ને સાત લાખ રૂપીયા આવ્યા તે પછી કેટલીક જાગીરો જે ઇજારે અપાતી અને જમીનદાર પુરા નાણા આપતા નહતા તે ઇજારા બંધ કરવાથી લગભગ બે કરોડ રૂપીયાની આમદાની થઇ ગઇ.

# ખુશબૂએ બેહિશ્ત.

(આમાં ગુજરાતી ભાષામાં ૫૦ મજલીસોછે.)

ખુશબુએ બેહિશ્ત નામની કીતાબ લાંબી મુદત થઇ છપાણી હતી અને ખલાસ પણ થઈ હતી તે સુધારા વધારા સાથે છાપી છે.

૧–આ કીતાબની ગુજરાતી ભાષા સુધારીને સર્વે સમજે એવી શીરીન ભાષામા ગોઠવી વાકય રચના અને ઇબારતમાં પણ ઘણો સુધારો કર્યો છે.

૨–અરબી ફારસી શબ્દ વાપરેલ, અને તેની પાછળ અર્થ જેવા તેવા લખેલા તેને બદલે અમોએ એવા અઘરા શબ્દોને બદલીને ગુજરાતી શબ્દ વાપર્યા, જેમકે 'હદાદે કીધું' તો અમોએ લખ્યું કે લુવારેકહ્યુંવી૦

૩–તેમાં પંજેતને પાક અ૦માંથી પહેલાં ચાર બુઝરગવારોનો અહેવાલ ન હતો. તેથી તેઓના અહેવાલની ૪ મજલીસ દાખલ કરી.

૪–કેટલીક મજલીસ બહુજ ઝીણી લાગી તેવી ચાર પાંચ કાઢી નાખી. અને તેના બદલામાં મોટામોટા એમરસીયા, એક હ૦અબ્બાસ અ૦નો કે તે ઘણાઓને બહુજ પસંદ છે "**જબ મશ્ક ભરકર નહેરસે અબ્બાસે ગાઝી ઘર ચલે**" તે તથા બીજે જનાએઅલી અસગરઅ૦નો મળી બે મરસીઆ, સબીલ નામું વી૦ દાખલ કર્યા.

૫–નામ "ખુશબુએ બેહિશ્ત" છે એટલે જન્નતની સુગંધ, પણ કીતાબના નામ તેના અંદરના મતલબ ઊપરથી રખાય છેકે નામ થીજ તેમાં શું છે તે ખબર પડે, તેથી અમોએ આનું નામ બદલીને '**મસાએબુલ અબરાર**' (એટલે નેક અને પરહેઝગાર લોકોની મુસીબતો) રાખ્યું, અસલ કીતાબના ૩,૪ હતા, અમે ૨ ૨ાા રાખ્યા પો૦ ૦)ના આકડો ૦/–

હાલમાં બહરૂલ મસાએબ ૫૦ મજલીસની ખલાસ થઇ છે અને છાપવામાં લાંબો વખત લાગશે, માટે તેને બદલે ઊરદુ ભાષા ગુજરાતી હરફની આફતાબે હદીકએશહાદત મંગાવશો, કીં. રૂ.૨ અથવા ખુશબુએ બેહિશ્ત મંગાવશો. કે તે ગુજરાતી ભાષા અને ગુજરાતી ઝબાનમાં છે કીંમત રૂ૨ાા પોસ્ટેજ જુદુ.

# ...ાફતાબે હદીકએ શહાદત

...ા કીતાબ બીરાદરોને બહુજ પસંદ આવી છે આમાં બે ભાગ ...હેલા ભાગમાં **૧૪** મજલીસ છે **પંજેતને પાક અ૦** તથા ...**ઇમામો** મળીને ૧૩ મજલીસમાં એ બુઝુર્ગવારોની વીલાદત ...ત, અને શહાદત વીગેરે અહવાલ લખ્યો છે, અને દરેક મજ... પછી દરેક મા૦સુમની મુસીબતનો નવહો દરજ કરેલ છે, અને ...ી મજલીસમાં બારમાં ઇમામ અ૦ની વીલાદત, રઝીલત અને ...ઝીઝા વીગેરે અને નવહાને બદલે આપ જાહેર થવા માટે ...શાન એક મુનાજાત લખીછે.

...ીજા ભાગમાં **૨૬** મજલીસ છે, તેમાં ફઝાએલ, હીકાયતો, નસી... ...ફીસ્સાઓ, આયતો, ઊપરાંત કરબલામાં શહાદત પામેલાઓ ... કેટલાંકની શહાદતનો અહવાલ, એવો ગમખ્વાર લખ્યો છે કે ...ાર તથા સાંભળનારને ઘણીજ રીકકત થાય છે.

...બન્ને ભાગ સાથેજ છે પેજ **૨૪૦** પાકુ પુઠું. કીમ્મત બે ...ા, પોસ્ટેજ જુદું, એ કીતાબ ઊરદુ શ...ને ચીજ... ...હરફમાં છે.

...ઠ લાઈબેરી
હાજીભાઇ મામદાણી
...ળીયા (મીયાણા)

દોડો! દોડો ! ! જલદી કરો !!! તાકીદે

# ગુલીસ્તાને પંજેતન.

## છપાય છે ! ઝડપથી બાહેર પડનાર છે!!

## તાકીદે નામ નોંધાવો.

ઘણાં બીરાદરોની માંગણી છે કે **ગુલીસ્તાનેપંજેતન** નામની કીતાબ છપાવો, તેથી અમોએ એક કીતાબ નામે "**મસાએબે પંજેતન**" નામની છાપવી શુરૂ કરી છે, તેમાં **ગુલીસ્તાનેપંજેતન** માં આવેલા તમામ મરસીયા નવહા, વીગેરે, દાખલ કરશું, અને અસલ ઊરદુમાંથી બનતાસુધી શોધીને સહીહ છાપીશું, કેમકે **ગુલીસ્તાનેપંજેતન**માં ઉચ્ચાર ઘણે ઠેકાણે ગલત છપાએલ છે.

એ કીતાબમાં અમોએ પહેલે **પંજેતન** અ૦ના પાંચ મરસીયા લખ્યા છે, કેમકે **ગુલીસ્તાનેપંજેતન**માં નબીસાહેબસ૦ હ૦અલીઅ૦ તથા જનાબે ફાતેમા અ૦ના મરસીયા નથી. એ શીવાય બીજા કેટલાંક શહીદોના નવહા, મરસીયાછે, કે જે પડવાની જરૂરત પડેછે.

બહરૂલ મસાએબ જેવું મોટું કદ. કાગળ ઉંચા જાડા સફેદ, અને છીંટનું પાકું પુંઠું પેજ આશરે **૩૨૦** કાગળનો દુકાળ છતાં ફકત રૂ.૩ પોસ્ટેજ હીંદુસ્તાનનું ૦)॥ આફ્રીકાનું રજીસ્ટર સુધાં આઠ આના, આફ્રીકાવાળાએ સાડા ત્રણ રૂપીયા મોકલીનેજ નામ નોંધાવવું.

## આદાબે મુનાજાત.

### ખુશનુમાં સોનેરીનામ, છીંટનું ફુલ વેલવાળું પાકુ પુંઠું !

જેની અંદર **૧૨૫** ખાસ આદાબછે. ખાસ શ૦ આહુ હસ્નાઅશરીમરદોમાટેજ લખવામાં આવેલછે, પણ બીજાસાહેબો વાંચેતો મનાઇ નથી.

આ કીતાબમાં પહેલે ૯૪ આદાબ હતા, પછી બે આદાબ બીજી આવૃતી-માંથી કાઢી નાખેલા તેનું કારણ આ ત્રીજી આવૃતીમાં લખીને એ 'બે' તથા બીજા કેટલાંકવધારીને**૧૨૫** આદાબછે.

હાલમાં વધારેલા આદાબ બહુજ અગત્યના જાણવાની જરૂરત જેવા છે, એ શીવાય ઘણો વધારો સુધારો કરીને ખીસામાં રહે એવું નાનું ખુબસુરત કદ

કીંમત આઠ આના. પોસ્ટેજ જુદું.

## તૈયાર છે. તૈયાર છે.

**ચશમએગમ**, જેને છપાએ છત્રીસ વર્ષ થયા તેની માંગણી હતી, તેથી તેમાનું 'પંજેતને પાક'વાળું દોરૂદ, તથા ગુલશને માતમમાં નહીં આવેલા નવહા, તથા **રવનકે માતમ** જેને છપાયે૧૩ વર્ષ થયા તેની પણ માંગણી હતી તે આખી મળીને બન્ને કીતાબો એક કરીને છાપીછે, ઘણાં સરસ રીકતવાળા નવહા છે ફારસી બે નવહા છે, કેટલાંક સલામ પણ છે, કેટલાંક નવા નવહા પણ છે, એ ચશમેગમ, અને રવનકે માતમના ૦॥ પોસ્ટેજ જુદું.